# ભજનઃ૩

## રાગઃ રીમઝીમ બરસતા સાવન...

વ્હાલા સદગુરુજીને પ્રથમ પ્રણામ રે,
પ્રથમ પ્રણામ અંતર ઓળખાય આપને
ગુરુજીનો મહિમાંનો અપરંપાર રે,
ભાવ થકી ભજે તેનો બેડો ભવ પાર રે

બેડો સદા પાર જેનાં હૈયે હોઠેં રામ રે..પ્રથમ પ્રણામ....

અજ્ઞાનની ઉંઘમાંથી ઉઠાડીને આજે,
રામ નામ મંત્ર આતો ભવ તરવા કાજે
ભવ તરવા કાજે બાળો ગત ગત આંગણે..પ્રથમ પ્રણામ...

અંધાની લાથીને દુઃખીયાનો બેલી,
કરજાય કરુણાનો કરી આજે હેલી
ગુણલાં તો ગાવો એના અનગણિયા આપણે..પ્રથમ પ્રણામ...

મનોમન ત્યાગી જો જે ગુરુના પ્રતાપે,
નરમાંથી નારાયણનું મહાપદ આપે
મહા પદ આપે એ તો કરવાનું કામ રે..પ્રથમ પ્રણામ...